# નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે વિકસતી જાતિ કલ્યાણ દ્વારા અમલીત નીચે મુજબની યોજનાઓનો અમલ Online કરવા બાબત

---

વર્ષ: ૨૦૨૨-૨૩ અંતર્ગત નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા નીચે મુજબની ત્રણ કોંચિગ સહાય યોજનાનો અમલ ઈ-સમાજકલ્યાણ પોર્ટલ (https://esamajkalyan.gujarat.gov.in/) મારફ્ત કરવાનો થાય છે. વર્ષ: ૨૦૨૨-૨૩ થી પ્રથમ વાર વિકસતી જાતિના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના તાલીમાર્થીઓ તથા આર્થિક રીતે પછાતવર્ગની વિદ્યાર્થીનીઓને નિયોમોનુસાર કોંચિગ સહાય લાભ આપવા ઈ-સમાજકલ્યાણ પોર્ટલ મારફ્તે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

1. **સ્પર્ધાત્મક પરીક્ષા (વર્ગ-૧, ૨ અને ૩)ની પુર્વતૈયારી માટે તાલીમ લેનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીઓને ખાસ પ્રોત્સાહન સહાય (સહાયની રકમ વધુમાં વધુ રૂ.૨૦,૦૦૦/-)**
2. **સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના તાલીમાર્થી તથા આર્થિક રીતે પછાતવર્ગની વિદ્યાર્થીનીઓને NEET, JEE, GUJCET જેવી પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોચિંગ સહાય યોજના (સહાયની રકમ વધુમાં વધુ રૂ.૨૦,૦૦૦/-)**
3. **IIM, CEPT, NIFT, NLU જેવી ALL INDIA લેવલની સ્પર્ધાત્મક પરીક્ષા તેમજ વિદેશ જવા માટે આપવી પડતી IELTS, TOFEL, GRE ની પરીક્ષાની પુર્વતૈયારી માટે કોંચિંગ સહાય યોજના (સહાયની રકમ વધુમાં વધુ રૂ.૨૦,૦૦૦/-)**

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે ઉક્ત યોજનાઓ અંતર્ગત સહાય મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને/તાલીમાર્થીઓને esamajkalyan.gujarat.gov.in પોર્ટલ પર તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા. ૩૧/૦૧/૨૦૨૩ સુધી આનુષાંગિક પ્રમાણપત્રો સહ ઓનલાઈન અરજી કરવા જાણાવવામાં આવે છે. પોર્ટલ પર અરજી કર્યા બાદ તેની નકલ સાથે ઓનલાઈન અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટસની નકલ બિડાણ કરી સંબંધિત જિલ્લાના નાયબ નિયામકશ્રી (વિ.જા)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)ની કચેરીએ જમા કરાવવાની રહેશે. ઉક્ત પોર્ટલ પર નિયત સમયમર્યાદામાં આવેલ અરજીઓની મંજુરીની પ્રકિયામાં નિયમોનુસાર અગ્રતા આપવામા આવશે અને બજેટ જોગવાઇ તથા લક્ષ્યાંકને ધ્યાને લઇ સહાય ચુકવવામા આવશે. જેની ખાસ નોંધ લેવી. તાલીમાર્થી અને તાલીમાર્થીને પંસદ કરવાની સંસ્થાના ધારાધોરણો અંગેની સંપુર્ણ માહિતી વેબસાઈટ https://sje.gujarat.gov.in/ddcw/Government-Resolutions પર ઉપલબ્ધ છે.

નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજય, ગાંધીનગર